

હૃદયપ્રેમાંજલિ.

" When I am gone from this mortal view
The skies will wear their wonted blue
The clouds distil the summer rain
On leafy wood and grassy plain
And flowers will smile through morning dew
The birds I loved will still be true
To their old haunts, flitting through
The boughs, nor alter one sweet strain
When I am gone
The silent moon will wax and wane
Heedless that I never come again.
Cold stars roll round in order due,
But hearts—warm hearts—perchance a few
With loving tears [illegible]
When I am gone. "

S. Feal [illegible] 1897

મારા વ્હાલા ભાઇ હરીસંગ !

([illegible])

હું [illegible] ! [illegible]
[illegible]
[illegible] ?
ન [illegible] ! [illegible]
[illegible] ! [illegible]
[illegible] ! [illegible] !

પ્રસ્તાવના.



આ ગ્રન્થ પુસ્તકને બીજી પ્રસ્તાવનાની શી જરૂર છે સ્વાભાવિક પ્રશ્ન કોઈને થાય તેમ છે, પણ પુસ્તકમાં શબ્દોને શોધી એકઠાં કરી ફરી લિપિ ગુજરાતી લિપિમાં લખી છપાવી પ્રસિદ્ધ કરનાર પૂર્વ વકીલ મંછુ હીંમત મુર્તઝાશ સ્વર્ગવાસી થવાથી અને આ પુસ્તકની સુધારા વધારા સાથેની નવી આવૃત્તિઓ તરફથી પ્રસિદ્ધ કરવામાં આવવાની હોવાથી આ બીજી પ્રસ્તાવના લખવાની જરૂર પડી છે.

આ આવૃત્તિમાં રચનારના તથા સંગ્રહ કરનારના હેતુ લાવવા મેં બનતી અનેક યથામતિ પ્રયત્ન કર્યો છે, અને રચનારની રચના પ્રમાણે કોઈ કોઈ શબ્દોમાં અને કેટલેક ઠેકાણે શબ્દરચનામાં સુધારો વધારો કરવામાં આવ્યો છે. આ પુસ્તકની પ્રથમ આવૃત્તિ સંવત્ ૧૯૫૪ (હીજરી સન ૧૩૧૬) માં બહાર પાડવામાં આવી હતી; શરૂઆતમાં તો પુસ્તકો ધીમે ધીમે ખપતાં હતાં પરંતુ જેમ જેમ તેના અધિકારી વર્ગમાં તેનો ફેલાવો દિન પ્રતિ દિન થતો ગયો તેમ તેમ તેની માગણી અને હિંદુ અને મુસલમાન કોમ તરફથી વધારે થવા લાગી અને ગુજરાત તથા ઉત્તર હિન્દુસ્થાનમાંથી મુસલમાન કોમ તરફથી ઉપરા ઉપરી માગણીઓ થવાથી પાછળથી તેનો ફેલાવો વધારે થવા લાગ્યો અને તેની એક હજાર પ્રતો ખપી ગઈ અને માગણી પ્રથમ કરતાંથી બીજી આવૃત્તિ મોટા સુધારા વધારા અને ટીકા સાથેની સંવત્ ૧૯૬૫ માં પ્રકટ કરવામાં આવી. તે આવૃત્તિ અને હિંદુ અને મુસલમાનને વધારે પસંદ પડવાથી તેની એક હજાર પ્રત જલદી ખપી જવાથી, સંવત્ ૧૯૬૮ માં મરહુમના આશય પ્રમાણે અને ઉપોદ્ઘાતમાં મોટા વધારા સાથેની ત્રીજી આવૃત્તિની બે હજાર પ્રતો પ્રસિદ્ધ કરવામાં આવી તે પણ ખપી જવાથી આ ચોથી આવૃત્તિની

પાસેથી મોઢેથી ઉતારી લઈ અને કેટલેક ઠેકાણેથી રચનારના હાથે ઉર્દુમાં લખેલા કાગળો મળી આવેલા તે ઉપરથી ગુજરાતીમાં ઉતારી લઈ જેટલાં બેગાં કરવામાં આવ્યાં છે તેટલાં આ પુસ્તકમાં દાખલ કર્યા છે.

રચનારે કાવ્યના અંતમાં કેટલાક સ્થળે પોતાના નામની સંજ્ઞા (તખલ્લુસ) તરીકે **"જ્ઞાની"** શબ્દ વાપર્યો છે અને કેટલાક સ્થળે **"અનવર"** શબ્દ વાપર્યો છે, આ બાબતનો ખુલાસો રચનારે પોતેજ ગઝલો વીગેરેમાં કરેલો છે. ગુજરાતી કાવ્યોમાં કોઈક સ્થળે શબ્દોમાં જાતિભેદ થયેલા છે પણ તેથી અર્થના ગૌરવમાં બિલકુલ ન્યૂનતા આવેલી નથી.

વાચકવર્ગને આશ્ચર્ય લાગશે કે પુસ્તકની શરૂઆતમાં રચનારની છબી નહીં મુકતાં સંગ્રહ કરનારની છબી મુકવામાં આવી છે ! ખુલાસો એ છે કે રચનાર પાસે છબીની માગણી કરતાં એઓશ્રીએ જણાવ્યું કે "મુસલમાન ધર્મમાં છબી પડાવનારને કાફર એટલે નાસ્તિક ગણવામાં આવે છે માટે મારી છબી મુકાવવા ઇચ્છતો નથી એટલુંજ નહીં પરંતુ તેથી મારૂં દિલ દૂખાય છે" આવા તેમના ઉદ્‌ગારથી મેં તે વિચાર માંડી વાળ્યો અને તેમના બદલે અનવર કાવ્યના સંગ્રહ કરનાર તેમના વફાદાર શિષ્ય મારા મર્હૂમ વડીલ બંધુની છબી પુસ્તકની શરૂઆતમાં મુકી છે કારણ કે રચનાર મહાત્માનાં વેરાઈ ગયેલાં કાવ્યપુષ્પોનો ગ્રંથ રૂપી સુગ્ચ્છ ગુંથવાનું માન રચનાર પછી તેમનેજ ઘટે છે.

આ પુસ્તક પ્રસિદ્ધ કરવામાં મારા સ્નેહી મિત્ર મીયાં હયાતખાં નજ્જુભાઈ તરફથી વખતો વખત ઘણી સારી મદદ મળી છે તે માટે હું તેમનો સદાનો આભારી છું.

વિસનગર,
સંવત ૧૯૭૧. અક્ષયતૃતીયા. } લી. **મહાસુખભાઈ ચુનીલાલ.**

પહેલી આવૃત્તિની પ્રસ્તાવના.



રેક સ્થળે અવલોકન કરી તાત્પર્યનો સચય કરી વિ-
ચારીશું તો એમજ માલમ પડશે કે આનંદ ને શોક,
આશા ને નિરાશા, જ્ઞાન ને અજ્ઞાન એકજ વસ્તુમાંથી
અનુભવાય છે. જે વસ્તુ આપણને આનંદ આપે છે
તે ને તેજ વસ્તુથી બીજાઓના હૃદયમાં શોકની પ્રાપ્તિ
થાય છે, જે વસ્તુથી એકના અંતઃકરણમાં આશા
તેજ વસ્તુ અન્ય જનને નિરાશાના આવરણથી ઢાંકી દે છે,
માંથી એકને જ્ઞાન પ્રાપ્ત થાય છે તેજ પદાર્થ બીજાઓને અજ્ઞાન-
છે; અર્થાત્ જેમાં જેની રૂચી રમી રહી છે તેને તે આનંદદાયક
ત્યારે આપણે સત્ય અને શ્રેષ્ઠ આનંદ કોને કહેવો ? આપણે સા-
દ્ધિથી આ પ્રશ્નનો સ્વાભાવિક રીતે ઉત્તર આપી શકીશું કે જે
ખંડ અચળ અને મોક્ષદાયક છે કે જેની પ્રશંસા જગતે માનેલા
ધા, વિદ્વાન્ ને સદ્ગુણી પ્રાચીન ઋષિ તથા જ્ઞાનવેત્તાઓએ પો-
ામાં કરી છે તેજ આનંદ. આ પરથી કોઇને સહજ શંકા થશે
પ્રકારના વિચારની સ્ફુરણાનું અત્રે શું મહત્વ છે ? મહત્વ છેજ;
ોએ પ્રદર્શિત કરેલા વિચાર પરથી સ્પષ્ટ આદર્શરૂપ થઈ રહેશે.

વાચક એકનું એક પુસ્તક વાંચે છે પરંતુ વાચકના વિચાર
બહુજ ફેર હોય છે; તેમાં વર્ણવેલું રૂપક કોઈ કયા સ્વરૂપમાં
અન્ય તેથી કોઈ જુદાજ ભાવમાં કલ્પી લે છે. શૃંગારરસમાં લુબ્ધ
ાન પુરૂષો દયારામ કવિનાં કાવ્ય વાચી કાંઈ જુદાજ પ્રકારનો
ાનુભવે છે, અને તે આવા પ્રકારના આનંદનું ફળ વિરક્ત દશામાં
ભાવી એમ સૂચન કરે છે કે તે આનંદ માત્ર તુચ્છ સમાન છે;
ારામ કવિના તે ને તેજ કાવ્યમાંથી સાધુ અને સંત પુરૂષો
મહણ કરી લે છે અને પોતાના આત્માનું સાર્થક કરે છે.

્રમાન જ્ઞાની કાણી અનવર સાહેબના આ લઘુ પુસ્તકમાં
પ્રાચીન કવિઓના કાવ્યભાવ જેવાં ઘણાં કાવ્યનો સમાવેશ થાય
ામ કવિના ભક્તિશૃંગારરસથી ભીંજાયેલાં કાવ્ય જેવાં, તથા ધીરા,

થવા કરવાના વિચારનું કારણ આ પુસ્તકમાં ભિન્નતાપણું હોય નહીં ત્યારે તેમ ભાસશે નહીં, કારણ કે આ મહાપુરુષ આત્મજ્ઞાની છે, જે આત્મજ્ઞ નીતિ વિષે ભેદ કરે તે આત્મજ્ઞ જે નીતિવાન હોય તો તેવો ઉપદેશ મંડળ આશ્રયકારક હોય કે નિર્વિવાદ છે. ભજન પદ વગેરે કાવ્યોમાં મિતો આવ અતિ અલભ્ય સિદ્ધાંત લક્ષ અને સિદ્ધાંત ભરેલું કુલગેલ. ભજનના પ્રભુ પ્રેમના આવેશથી અને ઉમળકાથી રચેલાં છે, તે સર્વેને જુદા જુદા રાગોથી ગાઈ શકાય તેમ આ પુસ્તકમાં ઉ.ગોપાળરાવની રાગ પર તેના દેહથી પ્રગટ થયાં છે, તેમાં ભજન, આરતી, પદો, મકરીઓ ભણી આવ્યા નથી પણ એ સર્વ ભણી આવ્યા છે તેટલાં હાજર કરવામાં આવ્યાં છે.

આ પુસ્તકમાં પ્રાચીન મહેતા વાલ્મીકિ, વિરાટ, ઉંચ, સાધુ આદિ મહાત્માઓની યુક્તિને અનુસરેલ છે પરંતુ આપણ અનેક ભકતજનોથી અજ્ઞાત હતા કરવાના કારણ મનુષ્યોને તો આ ભજન તરફ વિશેષ લાગણી અને પ્રીતિ તે સ્વાભાવિક છે; પરંતુ તેમની રચી ઉપર આ પુસ્તકનું પ્રકટ થયું નથી પણ, સદ્ગુરુ, અને સંત પુરૂષો આવા મહાન પુરૂષના સ્મરણનું પાન કરે તેમ હેતુથી આ અમારા હાલમાં પ્રગટ કરવાને પ્રયાસ કરવામાં આવ્યો છે.

આ પુસ્તકમાં ભજન, પદ, આરતી અને કંઈ ઈતર કાવ્યો મળી હાજર કરવામાં આવ્યાં છે પુસ્તકને પ્રથમ થતા વિલંબ થવાનું કારણ એમ કે કેટલીક એમ એમ મળતો ગયો તેમ કરવામાં આવ્યાં તેમ તેમ વિભાગમાં પૃથક્ પૃથક્ રીતે આપવાનો ઉદ્દેશ થવા કરી, અને તેજ કારણને લીધે કાળ અનુક્રમ અનુક્રમને જોડવામાં નથી.

પુસ્તક છાપી શુદ્ધ કરવામાં, કાવ્યનો ઉદ્દેશ કરવામાં વિગેરે આ પુસ્તક અંગે આ મહાપુરુષને જ તસ્દી આપવામાં આવી છે તેને માટે હું એમનો ઉપકાર માનું છું. આ પુસ્તકમાં ભૂલ ચૂક થઈ હોય તો તે વાચકજન સુધારી દરગુજર કરશો એવી આશા છે.

વિક્રમાર્ક ૧૯૫૫.	શ્રી. શેઠ હરીસંગ વિ. મુનીમદાસ.
હીજરી સન ૧૩૧૬.	વિજયનગર.

વિધમાન મહાત્મા જ્ઞાની કાજી અનવર મીયાંનું જીવનચરિત્ર.*



આ મહાપુરૂષનું જીવનચરિત્ર દર્શાવતાં પહેલાં એમના વંશજોની કેટલીક બિનાના વર્ણનની જરૂર છે. આ મહાન પુરૂષના બુઝરગો અરબસ્થાનના મૂળ વતની હતા અને તેઓ આરબ જાતમાં કુરેશી વંશ કે જે વંશમાં મુસલમાન લોકોના મહાન **પેગંબર હજરત મહંમદ** થયા છે તે વંશના હતા. જ્યારે મુસલમાન લોકોનું રાજ્ય થયું ત્યારે ધર્મસુધારા અર્થે તેઓ હીંદુસ્થાનમાં આવી દીલ્હીમાં આવી રહ્યા. બાદ મુસલમાન લોકોનું રાજ અને વસ્તી ગુજરાતમાં વધી ત્યારે દીલ્હીના લશ્કર ભેગા તેમનું ગુજરાતના પાટણ શહેરમાં આવવું થયેલું.

મુસલમાની રાજમાં કાજી (ન્યાયાધીશ) નું કામ જેઓ ધર્મ તથા વિદ્યા સંબંધી વધારે જ્ઞાન ધરાવનારાઓ હતા તેઓને ઘણું કરીને આપવામાં આવતું અને તે હોદ્દો વંશપરંપરા ચાલતો, અને તે

---

* નીચેનો લેખ પ્રથમ આવૃત્તિમાં રચનાર બક્ષિસનામામાં દાખલ કરેલો પરંતુ તેનું મહત્વ આ સ્થળે વિશેષ જણાયાથી તે લેખ અત્રે દાખલ કરવામાં આવ્યો છે. વળી તે લેખ રચનારના સ્વહસ્તે લખાયેલો હોવાથી બહુજ અગત્યનો છે માટે અક્ષરે અક્ષર નીચે પ્રમાણે પ્રકટ કરવામાં આવ્યો છે—

" જબ બારા બરસકી ઉમર થઈ ખાકસારકી થી ઉસ વક્ત ઈસ કસબેમેં એક શેખ સાહેબ મસ્ત સીંધકી તરફસે આ ગયે થે, તો ચાર રોજ ઉનકા મુકામ રહા થા, ફીદવી ઉનકી ખીઝમતમેં બેઠા રેહેતા થા, ઉનોંકા કુછ મહેરબાન ઈસ ફકીર પર આ ગઈ તો ઉનકુને વક્ત ઝાંક ઔર ટોંકરે ફીદવીકો એક પ્યાલા શરબતકા બનાકે થોડા ઉસમેંસે આપને પીયા, બાકી ઈસ ખાકસારકો પીલા દીયા ઔર તાલબ બના દીયા, ઉનકા નામ શેખ દેહરહા બતાતે થે. ઉસ શરબતકે પીનેસે વાકેઈ ઈસ કમતરીન પર અસર ઈલ્મકા જાહર હુવા, બાકી હાલ ખુદાકો માલુમ હૈ. ફીર સન ફરહત દીજીવી સાહબને હજરત રેહેનુમાએ સાલેકાં વ પેશવાએ આરફાં હેવદેના વ મુરશદેના સાહેબ સજ્જાદા શરરે નશીન શેખ અહમદુલ્લા સાહેબ મારફતાય મીયાં સાહેબ રહાઇ હસની અલ હુસની નુરાનંદ પીરાન

વિગેરે એવા વૈરાગી પુરુષો સાથે સમાગમ વધારે ચાલુ રાખ્યો. **પરિણામે** અંતના ઈશ્વરપ્રેમના આવેશથી એકાંત વાસમાં તે **રહેવા લાગ્યા.**

આ મહાન પુરૂષ પોતાની યૌવન અવસ્થામાં પોતાના **આત્મ-**કલ્યાણાર્થે જંગલમાં અને કબરસ્થાન કે જ્યાં પીરની **કબરો હોય ત્યાં** એકાગ્રતાના સમભાવે રહેવા પોતાનો વખત ગુજારતા હતા; **અને** શરીર સંબંધી ગમે તેવાં કષ્ટ તે સહન કરતા કોઈ વખતે બે **ત્રણ દિવસે** આહાર લેતા. આવા કષ્ટ છતાં પોતાના આત્મધ્યાનમાં **સંસારી કાર્ય** તરફ દુર્લક્ષ ધરાવતા અને સમાગમ્યશ્વાસનું કષ્ટ કાંઈ **હિસાબમાં** ન ગણતા ઈશ્વરધ્યાનમાં તલ્લીન રહેતા અને તેવા ગુણે કરી **એઓ** સાહેબનું શરીર સદા શોભનિક દેખાતું. દરેક ખટ દર્શનમાં **મુખ્ય ગુણ** બ્રહ્મચર્ય છે, જે સંસારી જીવો પરસ્ત્રીનો ત્યાગ કરી **શીલવ્રત પાળે** છે તેઓના ચહેરા ઉપર કેવી રોનક માલમ પડે છે?! **અને તે** ગુણના પ્રભાવ વડે સદા પ્રસન્નતા પણ રહે છે અને **દરેક સ્થળે** એટલે રાજ્યસભામાં તથા સામાજિક કાર્યમાં સદા યશ **પામે છે તો આ** મહાન પુરુષ પોતાની યૌવન અવસ્થામાં સર્વથા **બ્રહ્મચર્યપણું ધારણ** કરેલું છે તો તે ગુણના પ્રભાવે તેમના શરીરનું લાવણ્ય **અને તેજ-**સ્વીપણું હોય તેમાં શું આશ્ચર્ય?।

આ મહાન પુરૂષ જ્યારે જંગલમાં અને મસીદોમાં **રાત્રિ દિન** પરમેશ્વરની બંદગીમાં ગુજારતા તેવા સમયે મારા પુન્યનો ઉદય **થવાથી** દિવસમાં બે ચાર વખત તેમના દર્શનનો લાભ મળી આવતો **તો તે** સમયે મારી પ્રાર્થના એ હતી કે "આપ મને વિદ્યાભ્યાસ **કરાવો"** તો એઓ સાહેબ મારી વિનતી ધ્યાનમાં રાખતા ને કહેતા કે **"આગળ** ઉપર વધી રહેને." ત્યાર બાદ થોડી મુદત **થયે** વિક્રમાર્ક **૧૯૩૨ ની** સાલમાં મેં એઓની પાસે .. અને ફારસી અભ્યાસ શરૂ **કર્યો. દિન** પ્રતિ દિન મારો શિષ્ય તરીકેનો સંબંધ ધીમે ધીમે વધતો ગયો **અને** તેજ સંબંધ આજ સુધી ચાલ્યા કરે છે.

આ મહાત્મા જ્યારે ગામમાં આવ્યા ત્યારે **કાજીવાડામાં એક જુની મસ્જીદ હતી** તેમાં રહી **પ્રભુભજન** સિવાય **તમામ સંસારી કામનો ત્યાગ કીધો. પોતાના મુસલમાની ધર્મ પ્રમાણે વિક્રમાર્ક ૧૯૩૭**

ની સાથમાં રહે અને મહીને મુસાફરી કરી આવ્યા બાદ પોતાના ઘર પાસે એક જુની મસ્જીદ હતી તે નવી બનાવી. પોતાના આત્માનું જેથી કલ્યાણ થાય તેવાં તેમજ પરોપકારી અને સંસાર વ્યવહારના મહત્વનાં કામ સિવાય અન્ય કામનો ત્યાગ કરી પોતાના ખાનગી (ઇબાદતગઢ) ઇશ્વરભજન કરવા સારૂ સુંદર કરેલા મકાનમાં રહી રાત્રી દિવસ ઘણું આમ એકાંત વાસમાં ઇશ્વરપ્રાર્થનામાં ગાળી પોતાની જીંદગી ગુજારે છે.

જે સમય કાજી અનવર મીયાંએ જંગલમાં અને એકાંત સ્થળમાં ગાયેલાં તે કલામઆન પ્રભુપ્રેમના આવેશથી તેમણે ભજન પદ ગાયાં તથા ગઝલોનો મોટો ભાગ રચેલો છે.

લી૦ હઠીસંગ ચુનીલાલ.

વિક્રમાર્ક ૧૯૬૮.

વિક્રમાર્ક ૧૯૫૪ થી અદ્યાપિ પર્યંત કાજી અનવર મીયાંએ પોતાનો વખત સમાધિ ધ્યાન અને ઇશ્વરપ્રાર્થનામાં ગાળ્યો છે અને હાલ પણ ગાળે છે. આ વરસોમાં તેમના ઉપર મંડળીએ જે વખત હુમલા કરેલા પરંતુ ઇશ્વરેચ્છાએ તેમાંથી તે બચતા આવ્યા છે. વૃદ્ધાવસ્થાના લીધે તે બહાર વધારે નીકળી શકતા નથી તો પણ આગ સંત સાધુ ફકીરની વાત સાંભળે છે તો તે તેમની પાસે જાય છે. આવી રીતે સંત પુરૂષોના સમાગમમાં અને મસ્જીદમાં ઇશ્વરની બંદગીમાં હાલ તે પોતાનો વખત ગાળે છે. અનવર કાવ્યની નવીન આર્યસિદ્ધો બહાર પડ્યા પછી ઘણા હિન્દુ અને મુસલમાન લોકો કાજી અનવર મીયાંના મુખનાં દર્શન કરવા દૂરથી ઘણા ઉમંગથી વિસનગરમાં આવે છે અને પોતાના મનની શંકાઓ પુછી ખુલાસા મેળવે છે. જો કે કાજી અનવર મીયાંને આવી જાતની કદાપિ [illegible] ગમતી નથી તો પણ વિવેકની ખાતર વાતચીતનો કોઈને પ્રસંગ આપે છે. ઘણા આવે તો તે એકાંતમાં ઇશ્વર બંદગીમાં પડી રહે છે. હવે તેમના શરીર ઉપર વૃદ્ધાવસ્થા વિશેષ અસર કરતી જણાય છે. શરીર જો કે ઠીક છે પણ કોઈ વખત સુરતનું દર્દ તેમને સખત પીડા આપે છે.

લી. મહાસુખભાઈ ચુનીલાલ.

વિક્રમાર્ક ૧૯૬૭.

કરે તો યેહ શેઠ આપી દામન મહાસુભઆર્થકે હકમેં દુઆ કરે. ઓર ઉનકે સિવાઈ જનાબ ફેઝમઆબ શેઠ ચુનીલાલ બીન દલછારામ સાહેબ ઓર ઉનકે બુઝુર્ગ કે બરોત રોશનચંદ ઓર ખાનદાનકે લોગ હૈ; કદીમસે ઇસ ખાકસારકે ઓર ઇનકે બુઝુર્ગ પરોસી હૈ, ઇસ વાસ્તે ઇસ કમતરકે ઓર શેઠ ચુનીલાલ સાહેબ કે મહોબત ઓર મુલાકાત બા એક દીગર ઝ્યાદે અઝહદ થી, ઓર શેઠ સાહેબ મોસુફકી શફકત ઓર ઇનાયાત નીહાયત દરજે ઇસ નાચીઝ ઉપર થી, ઓર અશનાઈ મુરબ્બીયાના ઓર મહેરબાની દોસ્તાના ઇસ કમતર પર રખતે થે, ઓર બલીક ઓર રહમકી નઝરસે પેશ આતે થે, બારે એહસાન ઇસ ફકીર પુર તકસીરકી ગરદન પર બેહદ ઓર બેઅદદ હૈ. અલ્લાહ ઉનકી ઇઝ્ઝત ઓર ઇકબાલ કાયમ રખે. ઉનકે ઝરીએસે ઉનકે જમાએ એહલે અબાબ ઇસ શીદરી પર નિહાયત મહેરબાની ઓર મહોબત અઝહદ વ જાન રખતે હૈ, ઓર ઉનકે ફરઝંદ અરજમંદ મુસમ્મા હીરાચંદકો શૌક ફારસી પઢનેકા હુવા, સો વો નુરચશ્મ અખસાર નેક કીરદાર તબઅીઅ વફાદાર વાસ્તે સબક પઢનેકે ઇસ ફકીરકે પાસ આને લગે ઓર ઉન્હુને થોડી મુદતમેં કુછ જલદસે સીખને ઓર પઢનેકા ફારસી ઓર ઉર્દુકા હાસીલ કીયા, ઓર ફીર વો અપને ઝરાકી બેપારકે શગલમેં લગ ગયે, વો તબઅીઅ અઝીઝ વફાદાર જો નીસારને જે આદાબ ઓર ઇકરામ ઓર તાઝીમ વ તકરીમસે ઇસ ખાકસાર ઝરી બેમીકદારકી ખીઝમત ગુઝારી હી, ઉસકા બદલા અલ્લાહ તાઆલા ઉનકો નેક દે. ઓર ઉનકે ફરઝંદોકી ઉમર ઓર રીઝકમેં બરકત દે. ઉન્હુને જો ઇસ કીતાબકે દિબાચેકે યાને પ્રસ્તાવનાકે અંદર ઇસ ફકીરકી તારીફ કી હૈ ઉસકે લાયક યેહ ખાકસાર ગુનેહગાર નહીં હૈ, મગર ઉન્હુને ઇસ દલીલસે કે શાગીર્દોકા હક ખીઝમત ઓર તારીફ કરનેકા હૈ ઓર ઉસ્તાદકા હક મહોબત ઓર દુઆ કરનેકા હૈ. હાલ અવ્વલ ઉમરકા કુછ ઉનકે દેખને ઓર સુનનેમેં આયા થા સો લીખ દીયા હૈ, યેહ ઉનકી અશરાફત ઓર નેક દીનતીકી ખુબીયે ઝાહર કી હૈ; ફીલ્વી ઉસકે લાયક નહીં હૈ.

ઉપોદ્ઘાત યાને દિબાચા.*

[illegible]

* [illegible]

[illegible]

[illegible]

વિષે કહ્યું છું કે પહેલાં તે સત્ હતું, નિરંજન નિરાકાર પણ હતી, અને તે છે છે ને છે, તેને કંઈ પણ કરી દાગ હેમ નથી, તેનું નામ રૂપ પણ નહોતું અને રંગ રૂપ પણ નહોતું પણ વસ્તુ અવશ્ય હતી કે ઇન્દ્રિય ગ્રહણમાં આવે નહીં, તે વાસ્તે તે વાણીથી અપાર અગમ્ય છે અને તેના ગુણ તથા લક્ષણ કંઈ કહી શકાતાં નથી પણ સત્તામાં હતી તેમાં સર્વે ગુણ હતા પણ પ્રકટ નહોતા. પછી તેને પોતાને પ્રકટ થવાની ઇચ્છા થઈ ત્યારે આપણથી અગમ્ય પ્રકટ થયું અને તે બ્રહ્મ એક કહે-

---

નહીં દેખાય એવા) રહીને આ પંચમહાભૂતાદિને પ્રકટ કરીને સૃષ્ટિ ઉત્પન્ન કરવાનું પોતાનું સામર્થ્ય વધાર્યું અને પછી મહાપ્રલયની અવસ્થાનો નાશ કરીને પોતે પ્રકટ થયા. ત્યાર શાસ્ત્રમાં તથા વેદમાં પ્રસિદ્ધ, બાહ્ય ઇન્દ્રિયોથી જાણી શકાય નહીં તેવા, સૂક્ષ્મ સ્વરૂપવાળા, અવયવોથી રહિત સનાતન (આદિ તથા અંત રહિત), સર્વે પ્રાણીઓના આત્મારૂપ તથા પ્રમાણોથી જાણી શકાય નહીં તેવા (જે પરમાત્મા છે) તે પરમાત્મા પોતેજ (વિશ્વસ્વરૂપે) પ્રકટ થયા. ત્યાર તે પરમાત્માએ પોતાના શરીરમાંથી અનેક જાતની પ્રજા ઉત્પન્ન કરવાની ઇચ્છા થવાથી તેમણે મનમાં સંકલ્પ કરીને આરંભમાં પાણી ઉત્પન્ન કર્યું, અને તે પાણીમાં પોતાની શક્તિરૂપી બીજને રોપ્યું. ત્યાર તે બીજ પરમાત્માની ઇચ્છાથી સુવર્ણના જેવું નિર્મળ તથા સૂર્યના જેવું કાંતિવાળું ઈંડું થયું, અને તે ઈંડામાં સર્વ લોકોના પિતામહ (ઉત્પન્ન કરનાર) બ્રહ્મા પોતાની મેળે વિરાટ રૂપે ઉત્પન્ન થયા. ત્યાર જળને "નાર" કહેવામાં આવે છે કારણ કે તે "નર" થી કહેતાં પરમાત્માથી ઉત્પન્ન થાય છે; તે "નાર" પૂર્વે જગતના આરંભમાં પરમાત્માનું "અયન" કહેતાં નિવાસસ્થાન હતું જે ઉપરથી પરમાત્મા "નારાયણ" કહેવાય છે. ત્યાર શાસ્ત્રમાં તથા વેદમાં પ્રસિદ્ધ, સર્વે જગતના કારણરૂપ, બાહ્ય ઇન્દ્રિયોને ગ્રહણ કરવાની શક્તિથી અનુભવમાં આવે નહીં તેવા, નિત્ય (ઉત્પત્તિ તથા વિનાશથી રહિત), વેદાંતશાસ્ત્રવેત્તા જ્ઞાનીઓને અનુભવમાં આવતા હોવાથી સતરૂપ, તથા અજ્ઞાનીઓના અનુભવમાં નહીં આવતા હોવાથી અસતરૂપ એવા પરમાત્મા જે પુરુષને ઉત્પન્ન કરે છે તે પુરુષ જગતમાં બ્રહ્મા નામે કહેવાય છે. ત્યાર તે ભગવાન નારાયણે તે ઈંડામાં રહેવાથી એક વર્ષ રહ્યા પછી "તે ઈંડાના બે કકડા થાવ તો ઠીક" આવો પોતેજ પોતાના મન સાથે વિચાર કરીને તે ઈંડાના બે કકડા કર્યા. ત્યાર નારાયણે તે બે કકડામાંના ઉપરના

દેખાય છે, એવી રીતે આ સર્વ સંસાર ઈશ્વર વસ્તુથી થયો છે. જેમ સમુદ્રમાં લહેરો ઊઠે છે અને પરપોટા થાય છે તેમ અપાર સમુદ્ર આ સર્વ લહેરો અને પરપોટા છે અને સમુદ્રની લહેરો તથા પરપોટા તથા ફીણ, એવાંની રચના થઈ છે, અને તે પાછાં સમાન થાય છે, અને એનાં સ્વરૂપ એકસરખી જોતાં જુદા જુદા જણાય છે પણ તે સર્વ તત્વથી જોતાં ઈશ્વર રૂપી છે અને બીજું કંઈ નથી, એવીજ રીતે આ સર્વ સંસાર ઈશ્વર રૂપ છે અને એટલાજ માટે " એક બ્રહ્મ એક દ્વિતીય નાસ્તિ " એવી શ્રુતિએ કહ્યું છે. માટે જ્ઞાની જનોનો સત્સંગ* અને મનને અભ્યાસ કરવાથી જ્યારે ત્યારે જ્ઞાનનો ઉદય થાય, સર્વ ભ્રમણા ટળે, સંશય મટી જાય અને આત્મજ્ઞાન પ્રકટ થાય, વળી નિઃસંશય થઈ જાય, સર્વમાં એક જ વસ્તુ જુએ, સર્વને એક સમજે અને છેવટે મોક્ષપદને પામે. પણ જ્યાં સુધી વ્યવહારબંધન છે ત્યાં સુધી આચાર વિચાર રાખવા જોઈએ, કેમકે ન રાખવામાં આવે તો દુઃખ થાય છે; અનાચારી લોક કહે છે, ઉપરને સંતાપે છે. માટે લોકોની સાથે સમાજવ્યવહારમાં રહીને આપણે આપણું કામ સિદ્ધ કરવું જોઈએ; તે માટે કહ્યું છે કે " હોઠ મળે તો લોકાચાર અને ન મળે તો એકાકાર " માટે એવી રીતે કામ કરવું જોઈએ, જેમ કે આપણું આ શરીર તથા શરીરના સર્વ અવયવો હાથ પગ વગેરે એક જ વસ્તુના છે, જુદા નથી અને સર્વ આપણા છે તો પણ જ્યારે આપણે લોકોના બેઠા જમવા બેસીએ ત્યારે આપણે જમણામાં હાથ નાખીએ તો કોઈ આપણને બોલતું નથી પણ જો ડાબામાં પગ નાખીએ તો સર્વ લોકોને ખોટું લાગે છે અને ઠપકો આપી શકે છે, તે માટે સંસારી માણસે વ્યવહાર સંભાળવો જોઈએ. જે માણસ ત્યાગી વૈરાગી છે અને સંસારની ગરજ રાખતા નથી તેઓ પોતાની મરજી પ્રમાણે ચાલે તો તેમને કોઈ કશું કહે નહીં, કારણ કે તે

---

* सत्संगेन परं प्राप्य दुस्तरं तरतिर्भवात् । तस्मादहर्निशमयत्नेन सत्संगं सततं कुरु ॥ અર્થઃ—સત્સંગથી સચ્ચિદાનંદ પરમાત્માની પ્રાપ્તિ થાય છે, અને સંસારરૂપી મહાસાગરને તરીને પાર ઉતરાય છે માટે પ્રયત્ન કરીને નિરંતર સત્સંગ કરવો.

પામ્યા હતા. અનસુએ જાણીને મહાત્મા પાસે જેના મારાને નહી
કરતું જાણ્યું દેશમાં મ્હણ્યુ અને તેની ગામને દરિયામાં નાખી દે-
વાના આવી ને. જિહાદ દરિયામાં જવાની આવી. જવાની દેખી નવ-
નવ અનસુમાન. ફરી (ખિલાફત) અનસુએ પોતાની હકીકત. આવેલ
આવો દરિયા. નાખ્યા બિરાદ દરિયો હવે થયો. અનસુ તાબેદારીથી
આમાનથી અલ્લાહને. હવે કે એહેમદોલ્લાહ મકબરાથી વિશ્વ થઈ અને
અગાઉની કામને દરિયામાં નાખવાથી દરિયો કેહવાયા ઘણું દુનિ-
આને. ન દ કરી પડી દુનિયાના જમાનાની આગળ દરિયા. હાલ કાય
પોતાનો અમલ પોતાના મિયાંને અનસુ આપી ગયો હતો.

હસ્તનબિન સાબિતનો જે આહાર કરતા હતા, તે હમદર્દ-
નામાં પડી રહેલો હતો. એક દિવસે ખલીફાએ હુકમ કરી તેને
તેણે આકાશે તમામ લશ્કરીઓને એકઠા કરી હુકમ કર્યો કે " તેને
છૂટો કરો, નહી તો માથાને મારી નાખીશ." આવા હુકમથી
લશ્કરીએ, મુસાને છૂટો કરે એવી આજ્ઞાની રાહ જોવા લાગ્યા તે.
હજરતખાનમાંથી આ. હસ્તનબિન બહાર આવ્યો અને તેણે આસપાસ
નજર ફેરવી. હસ્તનબિને લશ્કરના અહેર કહ્યું કે " હું આ
કેદીને છૂટો કરીશ અને આ બધા લશ્કરીઓને મારા તરફથી
પણ મને જાણીને છે કે તમે બધા લશ્કરીઓ મને મારશો." બધાએ
કહ્યું કે " અમે તમે કાંઈ નહી કરીએ." ત્યારે હસ્તનબિને કેદીના
માથાને કહ્યું " કુમ બેઇઝ્નિલ્લાહ" (ઉઠ ખુદાના હુકમથી), આ શબ્દોથી
કેદી છૂટો થયો. પછી લશ્કરીઓએ પૂછ્યું કે ખુદાના
હુકમથી ઉઠ એવું નહી કહેતા મારા હુકમથી ઉઠ એવું તેને કેમ કહ્યું?
માટે તે એને શિક્ષા કરો. લશ્કરીઓની આવી ઉશ્કેરણીથી ખલી-
ફાએ હુકમ કર્યો કે " હસ્તનબિનના શરીરની ખાલ ઉતારી માથામાં
ઘાલીને ભુસ ભરો અને તેને લટકાવી મારો." આ શબ્દો સાંભળી
હસ્તનબિને પોતાના શરીર માથાથી તે પગ સુધી પોતાના શરીરની
ખાલ ઉતારી નાખી અને કહ્યું " લો આ ખાલ અને તેમાં ભુસ ભરી
લટકાવી માર મારો." આટલું બોલી હસ્તનબિન શહેરમાંથી ફરતા
આવ્યા એમ, શરીરની આવી સ્થિતિમાં તે ગામમાં અને જંગલમાં

ફરવા લાગ્યો, તેના વિચિત્ર અને ગંદકી ભરેલા દેખાવથી લોકો તેને પાસે આવવા દેતા નહોતા. એક દિવસે કોઈને ત્યાંથી કાચો ખોરાક તેને મળી આવ્યો, તે પકવવા માટે દેવતા માગવા લાગ્યો પણ કોઈએ આપ્યો નહીં ત્યારે તેણે સૂર્યને કહ્યું કે " તું આ મને શેકી આપ." આવા તેના હુકમથી સૂર્ય નીચે આવ્યો; સૂર્યના તાપથી શમ્સતબ્રેઝે પોતાનો ખોરાક શેકી લીધો. સૂર્ય નીચે આવવાથી લોકો ઘણા દુઃખી થવા લાગ્યા તેથી મહંમદ પેગંબર ત્યાં હાજર થયા અને શમ્સતબ્રે-જને કહ્યું " શા માટે તમે આમ દુનિયાને સતાવો છો? સૂર્યને હવે રજા આપો. " પછી શમ્સતબ્રેઝે સૂર્યને રજા આપી કે સૂર્ય ઉપર ગયો. આવી સ્થિતિમાં શમ્સતબ્રેઝે પોતાની જીંદગી ખતમ કરી.

આવા દાખલાઓ દરેક ધર્મના લોકોમાંથી મળી આવે છે. અ-ભેદજ્ઞાન થવું ઘણું કઠણ છે, દઢ મનવાળાજ મેળવી શકે છે. મૂઢ મૂર્ખ અજ્ઞાની અને નાસ્તિક મતવાળા લોકો કહે છે કે જે વસ્તુ દે-ખાતી નથી તે કેમ માનવામાં આવે? આવી તુચ્છ બુદ્ધિથી કલ્પના કરે છે, પણ જ્ઞાની મહાપુરૂષોનાં વચનનું પ્રમાણ કરતા નથી. મૂઢ અજ્ઞાની એટલું સમજતા નથી કે ઘણીક વસ્તુઓ નથી દેખાતી પણ તે વસ્તુઓની હયાતી હોય છે. જેમ શરીરમાં જીવ, ચક્ષુમાં તેજ, અને મગજમાં બુદ્ધિ, એ સર્વ દેખાતાં નથી પણ છે એમ સમજાય છે, તેમ જ્ઞાની માણસો નહીં દેખાતી વસ્તુઓ છે એમ સારી રીતે સમજે છે. આવી નહીં દેખાતી વસ્તુઓ ઘણી છે, પણ અહીં લ ખવાની જરૂર નથી, કેમકે ડાહ્યા માણસો તો અનાજના સો મણન ઢગલામાંથી માત્ર એક મુઠી અનાજ લઈ આખા ઢગલાની પરીક્ષા ક ઢગલાને સમજે છે, એટલે કે બુદ્ધિવાળા પુરૂષો થોડું લખાણ લખ છતાં ઘણું સમજી જાય છે; પણ જેની બુદ્ધિ પહોંચતી નથી તે આગળ મોટા ચોપડા ચિતરીને મુકો તો પણ તે શું સમજનાર ઘણાક મૂર્ખ માણસો એવું કહે છે કે પરમેશ્વર નથી, કદાપિ હોય અમને બતાવો; પણ એ મૂર્ખ એટલું સમજતા નથી કે તેમના શ રમાં કોઈ ઠેકાણે દર્દ અને દુખાવો થાય છે અને તેની પીડાથી બુમો પાડે છે અને જાહેર દર્દ માલમ પડે છે કે શરીરમાં

નહીં [illegible] છે, પણ તે [illegible] [illegible] પણ તે [illegible] નથી, પણ તે [illegible] છે. [illegible] [illegible] છે, પણ [illegible] નહિ [illegible] પણ [illegible] અને [illegible] પણ તેમ [illegible] [illegible] વિચાર કરે [illegible] ? અહીં [illegible] અને [illegible] બુદ્ધિ [illegible] નથી [illegible] અને [illegible] અનેક [illegible] અને [illegible] વિચાર કરે તે [illegible] તે [illegible] અને [illegible] પણ અહીં [illegible] અને તેને દેવદર્શન [illegible] તેમ [illegible] (ભાગ) [illegible] તે [illegible] છે, નહીં તે તે [illegible] મુશ્કેલ અને દુર્લભ છે. તેમ [illegible] છે કે અને [illegible] પણ તે [illegible] મુશ્કેલ છે; તેમ [illegible] દેવતાને [illegible] અને તે [illegible] દેવતાને [illegible] અને [illegible] દેવતા નથી તે. પણ દેવતા [illegible] દેવતા [illegible] છે, તેમ [illegible] અને [illegible] અને [illegible] છે અને [illegible] છે અને પછી તેનો [illegible] થાય છે.

કદાપિ પણ કોઈ નુગરો, ધુતારો, લોભીઓ, કમારો, સો વર્ષ સુધી સ્તુ કરીને મરી જાય તો પણ તેનું કાંઈ વળવાનું નથી એ નિશ્ચયપૂર્વક સમજવું. આ વખતમાં કેટલાક દુષ્ટ, લોભીઆ, લાલચુ, કમારો, ધુતારા અને કપટી લોકો એવા હોય છે કે કદાપિ કોઈને સાંભળે કે અમુક આદમી પરમેશ્વરની ભક્તિ કરે છે અને કાંઈક ઠીક છે તો લોભદ્રષ્ટિથી તેની પાસે જાય છે, તેને કપટથી ખોટી ખોટી માને ચડાવી તેની પાસે માગે કે મને કાંઈ બતાવો, એમ કરી તેના ગળે પડે છે, તેનો વખત ગુમાવે છે, તેનું ધ્યાન ચુકાવે છે, તેને દુઃખી કરે છે અને રીતસરની સેવા ચાકરી નહીં કરતાં કપટથી આવી રચના રચી તેને દુઃખ દે છે અને એવું ધારે કે તેની પાસે કાંઈ વસ્તુ હોય તો ઠગીને લીધી લઈએ. કોઈ એવા કમારા હોય છે કે આવીને ગુરૂના માથા પર પડતું મૂકે, આવીને ત્યાંજ આંટો લગાવે અને કહે કે હું આપનું નામ સાંભળીને આવ્યો છું અને મહા દુઃખીઆરો છું, મારી ઇચ્છા છે કે મને આપ કાંઈ બતાવો, એવી એવી વાતો કરી ગુરૂને ત્યાં ધામા નાખે, એટલે બિચારા ગુરૂને તેના રહેવાની, ઓઢવા પાથરવાની, ખાવાપીવાની સર્વે સોઈ કરવી પડે. વળી કેટલાક દુષ્ટ પાપી ધુતારા ગુરૂના મોં આગળજ ગુરૂનાં વખાણ કરે અને કદાપિ કોઈ વ્યસની હોય તો તે ગાંજો તમાકુ ભાંગ વીગેરે પી જાય, કંઈ ખાવાપીવાનું હોય તો તે ખાઈ જાય, પોતાનું કંઈ કામ કાજ હોય તે કરાવી જાય અને ત્યાંથી છેટી દૂર જઈ પાછી ગુરૂની નિંદા કરી તેનું ખોટું બોલે, માટે આવા દુષ્ટ લોકોથી સાવધ રહી સંત પુરૂષોએ આઘા રહેવું જોઈએ, એટલે છેવટે એ કપટી લોકો નિરાશ અને નિષ્ફળ નીવડી પાછા જાય. તે કમાગીઓ પાપના સંગ્રહ ભોગી નરકના અધિકારી થાય છે. જો કોઈ સાચા મનથી અને શુદ્ધ ભાવથી શ્રીગુરૂનો સત્સંગ કરીને ગુરૂની સેવા કરે છે તેને ગુરૂ દયા કરીને પરમાત્મા પરમેશ્વરનાં દર્શન કરાવે છે. નક્કી પરમેશ્વર છે, પણ અજ્ઞાની આંધળાને દેખાતો નથી, નુગરાને તો ગુરૂકૃપા વિના દેખાવાજ નહીં. અરે પ્રાણીઓ! જેવી ફુલમાં સુગંધી પ્રત્યક્ષ છે પણ દેખાતી નથી, જેવી પથ્થરમાં અગ્નિ વ્યાપી છે પણ દેખાતી નથી,

અને જેવો કાષ્ઠમાં અગ્નિ પ્રગટ છે પણ દેખાતો નથી, પરંતુ જ્યારે તેનો કોઈ ઉસ્તાદ મળે છે અને યુક્તિએ તેડી તેનો મંથ કરી અંદર પહોંચે છે તો ધુમાડી જ્યોત આવે છે, પથરાને ઝડપથી દૂર છે તો તેમાંથી અગ્નિ નીકળે છે, અને કાષ્ઠના બે કકડા જોડા કરી તેનું મથન કરી વચમાના અંગારી કોરો આમ ઉત્પન્ન કરે છે, તેવી રીતે ગુરુ જ્યારે સાચા શિષ્યને જ્ઞાન આપી તેના મનની મલિનતા દૂર કરી શુદ્ધ કરે છે અને તેને મંત્રોના ગ્રંથ મુજબ મહેનત કરાવે છે ત્યારે તેને પરમેશ્વરની પ્રાપ્તિ થાય છે અને પોતેજ પરમાત્મા બની જાય છે એમાં જરા પણ સંશય નથી.

પરમાત્માનો અંશ સર્વ વસ્તુમાં છે અને તેનાથી સર્વ વસ્તુનું શરીર બંધાયું છે. તે ન હોય તો શરીર ટકવા નહીં; મનુષ્ય તો પરમાત્મા જેવ: કદાપિ કોઈ મનુષ્ય હોય અને પોતાના મનમાં વિચાર કરે કે "આ બોલે છે તે કોણ છે? સાંભળે છે તે કોણ છે? સમજે છે તે કોણ છે? અને દેખે છે તે કોણ છે?" એમ મનમાં વિચાર કરીને સમજે એજ પરમાત્મા છે, એજ હું છું, બીજું કોઈ નથી. કાન સાંભળતા નથી, આંખો દેખતી નથી, જીભ બોલતી નથી, આ શરીર સમજતું નથી, એ સર્વ નાશવંત અને જડ છે, તેઓમાં ચેતન વ્યાપેલ છે. જ્યારે ચેતન તેમાંથી નીકળી જાય છે ત્યારે આ શરીર જે માટીનો બનેલો છે તે પડી રહે છે, ચાલતો નથી, બોલતો નથી, બેસતો નથી, દેખતો નથી, સાંભળતો નથી; ત્યારે વિચાર કરો કોઈએ કે આ સર્વ કાર્ય કરનારો કોણ હતો. આવો જે મનુષ્ય વિચાર કરે ત્યારે તેને ખબર પડે કે જે હું કહેતો હતો અને જે પોતાને "હું છું" એવું સમજતો હતો તે આત્મા ગયો; હવે આ જડ માટીનો કબજો રહી પડી રહ્યો છે, એવો વિચાર કરવાથી મનની શુદ્ધિ થાય અને પરમાત્માનો પ્રકાશ ચિત્તમાં થાય.

---

*અર્થ: દેહરૂં કુળરૂપ [illegible] ઉત્પત્તિ [illegible] સ્થિતિ [illegible] [illegible] [illegible] [illegible] પોતાના આત્માથી જુદો કરીને અને [illegible] પરમાત્માનાં [illegible] [illegible] [illegible] [illegible], [illegible], અને [illegible] [illegible] [illegible].

નાસ્તિક આપા પંથીના ઘટમાં અંધારૂં છે તેથી તેમને દેખાતો નથી અને એમ જાણે છે કે જે હું સમજું છું તેજ ખરૂં છે, પણ તેમ નથી. એવું સમજવું જોઈએ કે મારાથી પહેલાં હજારો વિદ્યાવાળા જ્ઞાની સંત મહાત્મા સિદ્ધિવાળા શક્તિવાળા મોટા મોટા લોકો થઈ ગયા છે અને તે સર્વ કહી ગયા છે કે પરમેશ્વર સત્ છે, ત્યારે તે સર્વથી હું મોટો ક્યાંથી થયો અને સર્વથી મારા એકલાની બુદ્ધિ ક્યાંથી વધારે થઇ ગઈ કે હું કોઇની વાત માનતોજ નથી? માટે સમજવું જોઈએ કે મારામાંજ કાંઈક બગાડ છે જ, માટે મને સમજાતું નથી, કેમકે જેવી રીતે જ્યારે કોઇની આંખમાં કમળાનો રોગ હોય છે ત્યારે તે સર્વ વસ્તુ પીળી દેખે છે, પણ ખરૂં જોતાં તે સર્વ વસ્તુઓ પીળી નથી પણ આંખમાંજ બગાડ છે તેથી તેને સર્વ વસ્તુ પીળી ભાસે છે, એવી રીતે અજ્ઞાનીના ઘટમાં અંધારૂં છે તેથી તેને પરમાત્માની સમજ પડતી નથી. તે મૂઢ મૂર્ખ એવું નથી જાણતો કે લાખ્ખો માણસો પરમેશ્વરને માને છે અને હું એકલો નથી માનતો માટે મારા અંદરજ કાંઈ બગાડ છે. આવા માણસને શી રીતે કોઈ સમજાવી શકે? જેમ આંધળા આગળ આરશી મુકવી અને બહેરાના આગળ શંખ વગાડવો એવી અજ્ઞાની આપા પંથી અને નાસ્તિક મતવાળાની આગળ આ શીખામણ છે, માટે જાણવું જોઈએ કે પરમેશ્વર છે, સત્ છે, તે કોઈનો બનાવેલો નથી; તે છે છે ને છેજ. તે પરમેશ્વરે અગમથી બ્રહ્મરૂપ નૂર પ્રકટ કર્યું અને તના બે ભાગ થયા. એક ભાગથી અગ્નિ* પ્રકટ

---

* तस्मादात्मन आकाशस्सम्भूतः । आकाशाद्वायुः । वायोरग्निः । अग्नेरापः । अद्भ्यः पृथिवी । तानि पञ्चतन्मात्राणि त्रिगुणानि भवन्ति । स्रष्टुकामो जगद्योनिस्तमोगुणमधिष्ठाय सूक्ष्मतन्मात्राणि भूतानि स्थूलीकर्तुं सोऽकामयत ॥ सृष्टेः परिमितानि भूतान्येकमेकं द्विधा विधाय पुनश्चतुर्धा कृत्वा स्वस्वेतरद्वितीयांशैः पंचधा संयोज्य पंचीकृतभूतैरनन्तकोटिब्रह्माण्डानि तत्तदण्डोचितचतुर्दश भुवनानि तत्तद्भुवनोचितगोलकस्थूलशरीराण्यसृजत् ॥ ભાવાર્થ:—તે આત્માથી આકાશ ઉત્પન્ન થયું, આકાશથી વાયુ, વાયુથી અગ્નિ, અગ્નિથી જળ, અને જળથ પૃથ્વી ઉત્પન્ન થઈ. તેઓ પાંચ તન્માત્રાઓ ત્રણ ત્રણ ગુણોયુક્ત છે. સૃજવાની ઇચ્છાવાળા જગતના કારણરૂપ

, ગુંક, પરસેવો અને લોહી. વાયુના ગુણ—ચાલવું, દોડવું, પાંછું વું, લાંબું થવું અને ટુંકું થવું. અગ્નિના ગુણ—ભુખ, તરસ, આળસ, ι, અને રૂપ. આકાશના ગુણ—કામ, ક્રોધ, શોક, મોહ, અને ભય. પાંચ તત્વના પાંચ પાંચ મળી એકંદર પચીસ ગુણ છે.

સમાધિ ભજનમાં સ્વરોદયજ્ઞાનનું પણ કામ પડે છે, તેથી કાર્ય હેલું સિદ્ધ થાય છે, માટે અહીંઆં થોડું વિવેચન કર્યું છે. સ્વરોદય-ાનનું પણ સાધન કરવાથી તે સિદ્ધ થાય છે, તેના રસ્તા પ્રમાણે ાવું પીવું વીગેરે, જુઠ તરકટ કપટથી દૂર રહેવું, અને નિશ્ચિંતપણે હેવું, બેસવું ઉઠવું, વીગેરે સાધારણ રીતે કરવુ એ રીતના રસ્તા ્રમાણે કરવાથી તે બરાબર થાય છે. નહીં તો તેની ચાલ, વર્ણ, અને પ્રમાણ બદલાઈ જાય છે. દોડવાથી, મહેનત કરવાથી વીગેરે એવાં કારણોથી પણ બદલાઈ જાય છે. તે સર્વે અહીંઆં લખવાની જરૂર નથી. થોડું જરૂર પુરતું લખ્યુ છે.

આ શરીરમાં ત્રણ નાડીઓ* છે. એક ઇંગલા (ઇડા) બીજી

કૃત મહાભૂતોના અંશોને ગ્રહણ કરીને વ્યષ્ટિ સમષ્ટિરૂપ સ્થૂળ શરીરને યથાક્રમે બનાવ્યું. નાડી, ચામડી, આંતરડાં, હાડકાં, માંસ, નખો એ પૃથ્વીના અંશો છે. લોહી, મૂત્ર, લાળ, પરસેવો વીગેરે પાણીના અંશો છે. ક્ષુધા, તૃષા, ઉષ્ણ, મૈથુન, મોહ વીગેરે અગ્નિના અંશો છે. પ્રસારણ, સંકુચન, શ્વાસ વીગેરે વાયુના અંશો છે અને કામ ક્રોધાદિક આકાશના અંશો છે.

* इडा च पिंगला चैव सुषुम्णा चेति नाडिकाः । शशिसूर्यशिवस्थानं वामदक्षिणमध्यगा ॥ पीयूषमिव वर्षन्ति सर्वगात्रेषु सर्वदा । वामामृतमयानाडी सम्मताभीष्टसूचिका ॥ वहंत्यनिष्टसंघिनी संहंत्री दक्षिणा पुनः । सुषुम्णा तु भवेत्सिद्धिर्निर्वाणफलकारणम् ॥ અર્થાત્—ઇડા ડાબી બાજુની નાડી છે અને તેનું સ્થાન ચંદ્ર છે, પિંગલા જમણી બાજુની નાડી છે અને તેનું સ્થાન સૂર્ય છે, અને મધ્યમાં રહેલી સુષુમ્ણા નાડીનું સ્થાન શિવ છે. હમેશાં સર્વ ગાત્રોમાં અમૃતની વૃષ્ટિ કરનારી ડાબી બાજુની અમૃતમય ઇડા નાડી શુભને સૂચવનારી કહેલી છે. જમણી પિંગલા નાડી અનિષ્ટ સૂચવનારી ગણાય છે અને સુષુમ્ણા નાડી સિદ્ધિ અને મોક્ષના ફળના કારણરૂપ ગણેલી છે.

કરવો, કદાપિ અજાણતાં અશુભ કામ થઈ જાય તો પશ્ચાત્તાપ કરી ઈશ્વરનું ધ્યાન ધરવું, સારો આચાર કરવો અને પવિત્ર અને શુદ્ધ રહેવું.

નિયમ એટલે મન સારે અમુક પ્રકારે ઉપયોગ કરવો અને તે પ્રમાણે ચાલવું તે. અર્થાત્ બુદ્ધિ અને વિચાર સારા કામમાં તેનો ઉપયોગ કરવો: દાન, શરીર, તથા, આદિ, નાક, કાન, હાથ, પગ, મોં, એ સર્વેને શુભ કામોમાં રોકી સારા કામમાં ઉપયોગ કરવો. ખાવા પીવા જેવા ઓછામાં ઓછું મન શાથી ધરિયડ કરી રાખવું. તેમ નહી કરે મનોરથથી રહેવું, શક્તિ પુનઃસ્થાન કરવું, સંતપુરુષોનો સમાગમ કરવો, દુર્જનથી દૂર રહેવું, બ્રહ્મશક્તિ નાશ કરવું, ભક્તિ કરવી, નિંદા કરવી નહીં, શુદ્ધ ઉપર આત રાખવી. પ્રપંચ કરવો નહી.

આસન એટલે સમાધિ તથા ધ્યાન કરતી વખતે શરીરના અવયવોને અમુક રીતે ગોઠવીને બેસવું તે. આસનના મુખ્ય ચોરાશી પ્રકાર છે તેમાં સમાધિ અને ધ્યાન માટે પદ્માસન, સિદ્ધાસન અને વજ્રાસન એ આસનોને યોગીઓએ શ્રેષ્ઠ કહેલાં છે. પદ્માસનની રીત એવી છે કે જમણા પગને ડાબા પગની સાથળ ઉપર મૂકવો અને ડાબા પગને જમણા પગની સાથળ ઉપર મૂકવો, અને સાથળને નમવા ન દેવું. કમર સીધી ટટાર રાખવી અને બંને હાથોની આંગળીઓ સાથે ઉપર પેટની ઉપર રહે એવી રીતે ગોઠવવી. સિદ્ધાસનની રીત એવી છે કે પદ્માસન પ્રમાણે બેસવું અને બંને હાથને પીઠ પાછળ ફેરવીને જમણા હાથથી જમણા હાથનો અંગૂઠો પકડવો અને ડાબા હાથથી ડાબા હાથનો અંગૂઠો પકડવો. વજ્રાસનની રીત એવી છે કે જમણા પગની એડી ઉપર ગુદાનો ભાગ ટેકાવવો અને ડાબા પગની એડી ઉપર લિંગનો ભાગ ટેકાવવો અને શરીર તથા મનને સ્થિર રાખી ભ્રકુટીમાં (ત્રિપુટીમાં) ધ્યાન રાખવું.

પ્રાણાયામ[1] એટલે શરીરમાં રહેલા શ્વાસને અમુક વિધિથી રોકવો,

1 प्राणायामो ... रेचकः पूरकश्च कुंभकश्चेति त्रिविधः ॥ અર્થ—શ્વાસ અને ઉચ્છ્વાસની ગતિને રોકવી તેનું નામ પ્રાણાયામ, અને રેચક પૂરક અને કુંભક એવા તેના ત્રણ ભેદ છે.

અંદર રાખવો અને બહાર કાઢવો. તે ઉપરથી પ્રાણાયામના ત્રણ ભેદ કરેલા છે— ૧ રેચક, ૨ પૂરક, અને ૩ કુંભક. રેચક[1] એટલે હળવે હળવે શ્વાસ બહાર કાઢવો, પૂરક[2] એટલે શ્વાસને અંદર ખેંચવો, અને કુંભક[3] એટલે મસ્તકમાં શ્વાસને રોકી રાખવો. પ્રાણાયામ કરવાથી હજારો ફાયદા થાય છે. જેવી રીતે ઘી ખાવાથી શરીરમાં શક્તિ આવે છે એવી રીતે પ્રાણાયામ કરવાથી લોહી સાફ થઈ તંદુરસ્તી આવે છે, રોગ દૂર થાય છે, આંખોનું તેજ વધે છે, શરીર મજબૂત થાય છે, બુદ્ધિ અને ઉમ્મર વધે છે. જેવી રીતે સોનું દેવતાથી સાફ થાય છે તેવી રીતે પ્રાણાયામથી શરીર સાફ ને પવિત્ર થાય છે, ચિત્ત એકાગ્ર થાય છે, અને તેથી પોતાની જાતને જાણી શકાય છે, સર્વ વસ્તુમાં એક આત્મા જણાય છે, અને બ્રહ્મસ્વરૂપ જણાય છે, ભૂત વર્તમાન અને ભવિષ્ય એ રીતે ત્રણ કાળનું જ્ઞાન થાય છે, અને પરમાત્માના સ્વરૂપમાં સમાધિ થાય છે, પાપો બળીને ભસ્મ થઈ જાય છે. પ્રાણા- યામ કરતી વખતે શરીરમાં જે પ્રાણવાયુને રોકવામાં આવે છે તે પ્રાણવાયુના દશ પ્રકાર છે— ૧ પ્રાણ, ૨ અપાન, ૩ સમાન, ૪ ઉદાન, ૫ વ્યાન, ૬ નાગ, ૭ કૂર્મ, ૮ દેવદત્ત, ૯ કૂર્મ, અને ૧૦ ધનંજય. તેનું સ્થાન ભાણસના પ્રાણ[4] વાયુ એ મર્મ વાયુઓની કુંચી છે.

---

૧ યત્કોષ્ઠાદતિયત્નેન નાસાપુટદ્વયાનનૈઃ । બહિઃ પ્રક્ષેપણં વાયોઃ સ રેચક ઇતિ સ્મૃતઃ ॥ અર્થ:—જઠર વગેરેથી નાસિકા નસકોરાં અને મુખથી પેટમાંથી શ્વાસને બહાર કાઢવો તેને રેચક પ્રાણાયામ કહે છે.

૨-૩ સમાકૃષ્ય યદાચારાત્ પૂરણં સ તુ પૂરકઃ । નાભિમધ્યે સ્થિરી- કૃત્ય ધૈર્યં સ તુ કુંભકઃ ॥ અર્થ:—બહારના વાયુનું આકર્ષણ કરી એટલે કે બહારના વાયુને ખેંચીને અંદર પેટમાં ભરવો તેને પૂરક પ્રાણાયામ કહે છે, અને વાયુને નાભિમધ્યમાં સ્થિર રોકી રાખવો તેને કુંભક પ્રાણાયામ કહે છે.

૪ પ્રાણો નાસાગ્રહૃન્નાભિ પાદાંગુષ્ઠાન્તગો હરિઃ । સમાનમરુ[illegible] હૃદયસ્થો જાયતે વા ॥ અર્થ:—પ્રાણવાયુ નાસિકાના અગ્રભાગ પર, હૃદયમાં નાભિમાં તથા પગના અંગૂઠાના અગ્રભાગ પર હોય છે અને તે હ[illegible] અંગૂઠો હોય છે, અને અભ્યાસ કરવાના પ્રયોગથી અથવા ધારણ કરવા[illegible] દેવો જય થાય છે.

હૃદયમાં છે, તેનો દેવતા મૂળ અથવા વિષ્ણુ છે, અને તેનો રંગ પીળો છે. અપાન[1] વાયુનું સ્થાન ગુદા છે, તેનો દેવતા મહેશ્વરી છે અને તેનો રંગ કાળો છે. સમાન[2] વાયુનું સ્થાન નાભિ છે, તેનો રંગ પીળો છે, તેનો દેવતા સરસ્વતી છે, અને તેનું કામ સર્વ નસોને રસ પહોંચાડવાનું છે. ઉદાન[3] વાયુનું સ્થાન કંઠથી તે મસ્તકના તાળવા સુધી છે. તેનો દેવતા ચંદ્ર છે, કેટલાક તેનો દેવતા રુદ્ર કહે છે અને તેનું કામ તાળવામાંથી અમૃત લઈને સમાન વાયુને પહોંચાડવાનું છે, અને તેનો રંગ લાલ છે. વ્યાન[4] વાયુનું સ્થાન શરીરની ચામડી છે, તેનો દેવતા પવન છે, કેટલાક તેનો દેવતા આકાશ કહે છે, અને તેનો રંગ ઇન્દ્રધનુષ્યના જેવો છે. નાગવાયુનું રહેઠાણ ગળામાં છે, તેનો દેવતા કૈલાસ છે, તેનું કામ ઓડકાર તથા ઉલટી લાવવાનું છે. કૂર્મ વાયુનું સ્થાન પેટમાં છે એટલે કે ધ્યાન કરવાની જગ્યાએ રહે છે, તેનો દેવતા અગ્નિ છે,

---

૧ अपानः कृष्णवर्णस्तु गुदपृष्ठान्तराश्रितः । देवः स्वस्थानयोगेन रेचकात्पूरकान्मुहुः ॥ અર્થ:—અપાન વાયુ કાળા રંગનો હોય છે તથા તે મળની આસપાસની નાડીઓમાં, ગુદામાં તથા પગના સાંધાના ભાગમાં હોય છે અને તે પોતાના સ્થાનના ધોરણથી રેચક અને પૂરકથી વારંવાર છૂટી શકાય છે.

૨ शुक्लः समानो हृन्नाभि सर्वसंधिष्ववस्थितः । देवः स्वस्थानयोगेन सकृद्रेचकपूरकात् ॥ અર્થ:—સમાનવાયુ શ્વેત રંગનો હોય છે, તે હૃદય નાભિ અને સર્વ સંધિસ્થાનોમાં રહેલો હોય છે અને પોતાના સ્થાનના ધોરણે કરી રેચક અને પૂરકથી વારંવાર છૂટી શકાય છે.

૩ रक्तोहृत्कण्ठतालुभ्रू मध्यमूर्ध्नि च संस्थितः । उदानोवश्यतां नेयो गत्यागतिनियोगतः ॥ અર્થ:—ઉદાન વાયુ લાલ રંગનો હોય છે, તે હૃદયમાં, કંઠમાં, તાળુમાં, ભ્રકુટીના મધ્ય ભાગમાં અને મસ્તકમાં રહેલો છે અને ગમનાગમનના નિરોધથી છૂટી શકાય છે. ગમનાગમનનિરોધ એટલે નાસિકાદ્વારે ખેંચવાના ધોરણથી ઉદાનવાયુને હૃદય વગેરે સ્થાનમાં રોકવો અને ઉપર ચઢેલો તેને ત્યાંથી આકર્ષી લાવવો તે.

૪ सर्वत्वग्वृत्तिकोव्यानः शक्रकार्मुकसंनिभः जेतव्यः कुंभकाभ्यासात् संकोचप्रसृतिक्रमात् ॥ અર્થ:—વ્યાનવાયુ ત્વચામાં સર્વ સ્થળે રહેલો છે, તેનો રંગ ઇન્દ્રધનુષ્યના જેવો છે, તેને સંકોચ અને વિસ્તારના ક્રમથી કુંભકના અભ્યાસથી જીતવો.

આ પ્રમાણે પ્રાણાયામ કરવાથી સર્વ કામ સિદ્ધ થાય છે પરન્તુ તેની ક્રિયા સદ્ગુરુના સંભાળથી કરવાની છે. શ્વાસ રૂંધવાની ક્રિયા હમેશાં ધીમે ધીમે શરૂઆતમાં કરી અને જેમ જેમ મહાવરો થાય તેમ તેમ વધવા જવું; તેમ કરવાથી એ કામ સારી રીતે ફળ આપે છે. જો વાયુને એકદમ રોકવામાં આવે તો કેવાડામાંથી પવન નીકળે છે તેથી શરીરને ઘણું નુકશાન થાય છે અને રોગ પેદા થાય છે માટે ધણીજ સંભાળથી કામ કરવાનું છે, તેમજ રોકેલો પવન પણ એકદમ કાઢવાથી પેટ પડી છે અને નુકશાન થાય છે માટે ધીમે ધીમે શ્વાસ કાઢવો.

પ્રત્યાહાર* એટલે દરેક સત્તા આત્માની છે એવું મનમાં સમજી ઇંદ્રિયો અને મનને દરેક વાસનામાંથી દૂર કરી આત્મામાં લીન થવું તે. પ્રત્યાહાર પ્રાણ કરવામાં રૂપ રસ ગંધ શબ્દ સ્પર્શ વીગેરે ઇંદ્રિયોને સ્થિર કરી જેટલી વાર સુધી શ્વાસને રોકી શકાય તેટલી વાર સુધી રોકી રાખી ધીમે ધીમે નાસિકા દ્વારાએ બહાર કાઢવો. એમ કરી કાન બંધ કરી એકાગ્ર ધ્યાન કરવામાં આવે તો ઘણા ઘણા પ્રકારનાં વાજાં સંભળાય છે, તેને અનહદ નાદ કહેવામાં આવે છે અને તેનો ખુલાસો આગળ આપવામાં આવ્યો છે. વળી આખો બંધ કરવાથી આકાશ, તેજ, પાણી, પૃથ્વી, વાયુ એ પાંચ ભૂતના જુદા જુદા રંગો પણ જણાઈ આવે છે.

ધારણા એટલે મુમુક્ષુને ધ્યાન કરતી વખતે આત્મસિદ્ધિના કામમાં લીન કરી જ્યોતિસ્વરૂપમાં લગાવી રાખવી તે; અને તેનું સ્થાન આંખોના ઉપર છે.

ધ્યાન એટલે ઇંદ્રિયો અને મનની વૃત્તિને સ્થિર કરી મનને એકાગ્રતામાં લાવવું તે. ધ્યાન એ સમાધિનું પ્રથમ પગથીયું છે. જેમ

* આત્માનં રથિનં વિદ્ધિ શરીરં રથમેવ તુ । બુદ્ધિં તુ સારથિં વિદ્ધિ મનઃ પ્રગ્રહમેવ ચ ॥ અર્થઃ—આત્માને રથનો સ્વામી જાણવો, શરીરને રથ જાણવો, ઇન્દ્રિયોને અશ્વ જાણવા, અને નિશ્ચયાત્મક બુદ્ધિને ઇન્દ્રિયોને દોરનાર જાણવો, મનની વૃત્તિને અશ્વને બાંધવાની દોરી જાણવી, એવી રીતે પ્રથમ અભ્યાસ કરનારાઓએ પ્રત્યાહારમાં દૃઢ આગ્રહથી વૃત્તિ રાખવાની છે અને વૃત્તિ સ્થિર થયા પછી પછીથી અભ્યાસીએ ધ્યાન કરવાનો આરંભ કરવો.

જોઈએ; અને જો ગુરૂની પાસે એ કામ કરવામાં આવે તો બરાબર સિદ્ધ થાય. સમાધિ કરતી વેળાએ કમર તથા ગરદન સીધી રાખીને બેસવું જોઈએ.

હવે સૂક્ષ્મ સમાધિ સંબંધી લખવામાં આવે છે. તેના માટે નિરતિથી અને ઘણી શાન્તિથી બેસી પોતાના અંતરમાં ધ્યાન લગાવવું જોઈએ, જેમ કોઈ વસ્તુ ભુલી જવાય તેને યાદ રાખવા માટે સુરતી લગાવાય તેવી રીતે જો કોઈ પોતાના આત્માનું ધ્યાન લગાવે અને ત્યાં સુરતી ઠરાવે અને સુરતીને ત્યાંથી ડગવા દે નહીં, કદાપિ સુરતી ચુકે તો પાછી સુરતીને ખેંચીને ત્યાં લાવે અને પોતાના આત્માનું ધ્યાન કરે કે "હું પરમાત્મા છું, હું સાંભળું છું, હું દેખું છું, હું બોલું છું, હું સમજું છું, એ સર્વે હું કરૂં છું અને તે હુંજ છું" એવી રીતે ઘણી વાર સુધી ધ્યાન કરે તો તે પોતાને ભુલી જાય અને છેવટે આત્મારૂપ થઈ જાય. જેમકે સમુદ્રમાં મીઠાની પુતળી નાખવાથી તે પુતળી ગળીને પાણી થઈ જાય, વળી જેમ કોઈ પાણીમાં ડુબકી મારે અને ડુબકી મારીને ઊંડો ઉતરી જાય અને મનમાં જરા પણ ડરે નહીં કે હું પાછો શુદ્ધિમાં આવીશ કે નહીં, હું મરી જઈશ કે પાછો આવીશ, એવી બીક જરા પણ રાખે નહીં, એવી રીતે જો કોઈ પોતે પોતાને ભુલી જાય તે એક કલાકમાં આત્માનું રૂપ બની જાય; અને જેમ જેમ બે કલાક ત્રણ કલાક ચાર કલાક એમ વધતો જાય તેમ તેમ તેની સિદ્ધિ વધતી જાય. એ રીતે સૂક્ષ્મ સમાધિનું ધ્યાન થાય છે.

હવે અનહદનાદના ધ્યાનની રીતિ લખાય છે. બંને હાથની આંગળીઓથી કાન, નાક, આંખ, મુખ બંધ કરીને જો કોઈ બેસે અને મગજમાં અનહદનું જે વાજું વાગે છે તેમાં ધ્યાન લગાવે અને તે ઠેકાણે સુરતી ઠરાવી એવું મનમાં સમજે કે આ વાજું હું સાંભળું છું, એવી રીતે વાજામાં સુરતી લગાડી તેમાં લીન થઈ જાય અને પોતાને ભુલી જાય તો તેની સુરતી દશમા દ્વારે થઈને ઉપર જાય છે, ઉપરની સર્વ લીલા પોતે જુએ છે અને જ્યાં ધારે ત્યાં જાય છે, અને આ બરાબર સિદ્ધ કરવાથી જે કામ કરવું ધારે તે કરે છે; આ થોડી કામ પુરતી સમજુતી આપી છે.

અય ભાઈઓ ! સંસારમાં આવીને આ આત્મસિદ્ધિ કાર્ય કરવું એ સર્વથી શ્રેષ્ઠ છે. પરમેશ્વર સત્ છે, અને તે બુદ્ધિવાળા પુરૂષોને આવી રીતે સમજાય છે કે આ સર્વ લીલાનો કરનાર કોઈ છે. કોઈ ઠેકાણે કોઈ ધુમાડો દેખે તો તે પોતાના મનમાં નિશ્ચયપૂર્વક સમજે છે કે ત્યાં આગ છે; વળી કોઈ ઘર બંધ હોય અને તેમાંથી કોઈ હાંક મારે તો અવાજ સંભળાય છે તો તે નિશ્ચયપૂર્વક સમજાય છે કે ઘરની અંદર કોઈ આદમી છે; વળી રસ્તામાં કોઈ આદમીનાં પગલાં પડેલાં જણાય તો તે નિશ્ચયપૂર્વક સમજાય છે કે કોઈ આદમી અહીંથી ગયેલો છે. આવી રીતે ઉપરના જે દાખલા બનાવવામાં આવ્યા છે તે કાંઈ દેખાતા નથી પણ બુદ્ધિથી સમજાય છે કે તે છેજ. એવી રીતે પરમેશ્વર જાહેર દેખાતો નથી પણ તેની નિશાનીઓ સર્વ જોવાથી એવો નિશ્ચય થાય છે કે પરમેશ્વર છેજ. જેમ આત્મા દેખાતો નથી પણ શરીરમાં તેના સર્વ ગુણ તથા ક્રિયા જોતાં આપણને સમજાય છે કે શરીરમાં આત્મા છેજ, અગર શરીરમાં આત્મા ન હોય તો શરીર જડ છે, તે શરીરથી કાંઈ થઈ શકે તેમ નથી, આ સર્વ કામ આત્માનું છે કેમકે પહેલાં ચિત્તમાં આત્માનો ઇરાદો થાય છે ત્યારે બુદ્ધિ સમજે છે, તે પછી એ કામનું ધ્યાન થાય છે, અને પછી શરીરમાં શરીરની ઇંદ્રિયોમાં શક્તિ આવે છે, તે પછી તે કામ કરે છે, કદાપિ અંતરમાં આત્માનો ઇરાદો ન થાય તો ઇંદ્રિયો સમજે નહીં અને કામ કાંઈ પણ કરી શકે નહીં, ઇંદ્રિયો તો મદદ જેવી છે, જડ છે, સર્વ ક્રિયા કરનાર માત્ર આત્માજ છે, અને તે બુદ્ધિઅજાથી નિશ્ચયપૂર્વક સમજાય છે, તેજ પ્રમાણે આ દુનિયાની તમામ નિશાનીઓ જોતાં નિશ્ચયપૂર્વક સમજાય છે કે પરમેશ્વર છેજ.

મોત શું છે એ પણ જાણવાની જરૂર છે. આત્મજ્ઞાનીઓ કહે છે કે અમોને મોત નથી, અમે મરતા નથી, આ વાત પણ બરાબર છે. જેમ એક ઘરમાં આપણે રહેતા હોઈએ અને તે ખાલી કરી બીજા ઘરમાં જઈએ છીએ તેમ આ દેહમાં રહેલો જીવ આ શરીર છોડી બીજા શરીરમાં જાય છે, એટલે કે જેણે જેવી કરણી કરી હશે તેને તેવી જન્મ સ્વર્ગમાં અથવા અર્શ (દેવલોક)ના નીચે અથવા

ઇલ્લીયીન (દેવલોક)માં અથવા અજાબ (નરક)માં જાગશે. આત્મા કોઈ મરતો નથી, "ઇન્ના ઔલીઆ અલ્લાહે લા યમુતુના બલ યનકે-લુના મિન દારિન ઇલા દારીન" અર્થ—"એ તો નિશ્ચય છે કે જ્ઞાની લોક મરતા નથી પરંતુ એક ઘરથી બીજા ઘર તરફ જાય છે." વળી શમ્સતબ્રેઝ કહે છે કે "ગર જ મીરદ મરદ્મે મન્ મન્નમીરમ્ હેચ-ગાહ, મરદ્મે દીગર જવાબમ્ તાં બરાં આઝમ્ સવાર" અર્થ—"જો મરશે તો મારો ઘોડો મરશે, હું કોઈ વખત મરીશ નહીં, બીજો ઘોડો મળશે તો તેના ઉપર હું સ્વાર થઈશ." આત્માનું શરીરથી જુદા થવું એ મોત કહેવાય છે. વળી જે જીવતા આદમી છે અને જેમને આત્મજ્ઞાન નથી તેઓ સર્વે જીવતા છતાં મુએલા બરાબર છે, કારણ કે આત્મા કે જે મરતો નથી અને જે શરીરમાં વાસ કરી રહેલો છે તેનું જ્ઞાન નહીં તો પછી દેહનો શો ઉપયોગ? આ દેહ ધારણ કરી આત્મજ્ઞાન મેળવી જે મનુષ્ય પુનર્જન્મ બાતલ કરે છે તે કોઈ મરણ પછી પણ જીવે છે અને છેવટે આત્મજ્ઞાનની પ્રાપ્તિથી મોક્ષપદને પામે છે. જે આપણા શરીરમાં આત્માનો પ્રકાશ છે તેજ પરમાત્મા છે અને આ શરીર પરમેશ્વરની સિદ્ધિ શક્તિ તથા ચમત્કા-રોનો ભંડાર છે, એમાં સર્વે સિદ્ધિ છે, પરમાત્મા પણ એમાંજ છે, બીજે ઠેકાણે કદી નહીં મળે, પોતાના અંદર પરમેશ્વરને શોધવો જોઈએ કે પોતે પરમેશ્વર છે, બીજો નથી. પણ અજ્ઞાનતાને લીધે અજ્ઞા-નીઓને ભિન્નેશ્વર ભાસે છે. જેમકે એક સિંહનું નાનું બચ્ચું કોઈએ પકડીને લાવી બકરીઓના ટોળામાં ભળાવ્યું. તેથી બકરીઓનું દુધ પાઈ તેમની સાથે ફેરવી તેમની સાથે મોટું કર્યું તો છેવટે તે બચ્ચું બકરીઓના સહવાસથી પોતાની શુદ્ધિ ભુલી જઈ પોતાને બકરી સમાન સમજવા લાગ્યું; એવીજ રીતે અમે પણ અજ્ઞાનીઓના સંગતથી સિંહ જાતમાંથી બકરી થઈ પોતાનું સ્વરૂપ ભુલી ગયા છીએ, પણ જ્યારે અમને કોઈ જ્ઞાની ગુરૂ મળે અને આત્મજ્ઞાનનો અનુભવ કરાવે ત્યારે અમારી ભ્રમણા મટી જાય અને અમારા પદ સ્વરૂપને ઓળખીએ; જેમ કોઈ મોટો રાજા હોય અને તે ઉંઘમાં સ્વપ્નમાં જુએ કે હું ગરીબ ભિખારી છું. ઘેર ઘેર ભિખ માગતો ફરૂં છું, પરંતુ જાગ્યા પછીનું

એક પાત્ર છે અને મારા શરીર ઉપર એક લંગોટી શીવાય બીજું વસ્ત્ર પણ નથી, એવી રીતે જેમ રાજા પોતાને સ્વપ્નમાં જુએ છે, તેમ અમે અજ્ઞાનતાના લીધે પોતાને જોઈએ છીએ, પણ જ્યારે તે રાજાને કાઈ ઉંધમાંથી જગાડે ત્યારે તે પોતાને રાજાજ જુએ અને ખરૂં સ્વરૂપ જેવી રીતે સમજે એવીજ રીતે જ્યારે અમને ગુરૂ મળે અને અમને જગાડી અમારા અજ્ઞાનરૂપ સ્વપ્નને દૂર કરે ત્યારે અમે અમારા ખરા સ્વરૂપને સમજીએ. વળી જેમ પેલું સિંહનું બચ્ચું પોતાને બકરી સમજતું હતું તે એક દિવસે બકરીઓના સાથે વગડામાં ગયું અને ત્યાં તેને કાઈ સિંહ મળ્યો, ત્યારે સિંહે પેલા સિંહના બચ્ચાને પુછ્યું કે "તું આવો દુબળો કેમ છે!" બચ્ચાએ કહ્યું કે "હું બકરી છું, અને બકરીઓ સાથે રહું છું, તેમનું દુધ પીઉં છું, પણ મારી ભુખ ભાગતી નથી તેથી હું નિર્બળ છું." ત્યારે સિંહે કહ્યું કે "તું બકરી નથી પણ સિંહ છે, બકરીઓમાં શા માટે રહે છે? મારી સાથે ચાલ અને જંગલમાં રહે, તું શા માટે ભુખે મરી નિર્બળ થઈ અહીંઆં પડી રહ્યો છે?" ત્યારે તેણે કહ્યું "હું વનમાં શી રીતે આવું? હું બકરી છું, માટે મને બીક લાગે છે." પછી સિંહે જવાબ દીધો "તું બકરી નથી પણ મારા જેવો સિંહ છે, ચાલ મારી સાથે, હું તને તારૂં સ્વરૂપ બતાવું." એમ કહી તેને એક કૂવા ઉપર લઈ જઈ ઉભો કર્યો અને કહ્યું કે "આ કૂવામાં તારૂં સ્વરૂપ જો અને તને જણાશે કે તું મારાજ જેવો સિંહ છે." ત્યારે તે બચ્ચું કૂવામાં જોવા લાગ્યું અને જ્યારે પોતાનું સ્વરૂપ પેલા સિંહના જેવું જોયું ત્યારે તે જોરથી સુસવાટા કરવા લાગ્યું અને કૂવો મુકી તેણે વગડાનો રસ્તો લીધો અને બકરીઓનો સંગ છોડયો; એવી રીતે અજ્ઞાની લોકોને જ્યારે ખરા જ્ઞાની સદ્ગુરૂ મળે છે અને અજ્ઞાનરૂપી પડદો દૂર કરી ખરૂં આત્મસ્વરૂપ સમજાવે છે ત્યારે માલમ પડે છે કે અમો આત્મરૂપ છીએ, અને સંશય મટી જઈ બકરીપણું દૂર થઈ સિંહ સ્વરૂપ સમજાય છે અને પરિણામે આત્માનું કલ્યાણ થાય છે અને પરમાનંદ પેદા થાય છે. આ આનંદનો સ્વાદ પોતેજ સમજી શકે છે, જરા પણ ... કહી શકાતો નથી. જેમ કાઈ બોબડો માણસ ગોળ ખાય

અને તેનો સ્વાદ કેવો છે તે તો તેજ સમજે છે, વળી જેમ કોઈ અજ્ઞાની અંગ્રેજી માણસ સંસ્કૃતવિદ્યાની શીઘ્રતાથી વચનની ચતુ-રાઈની લજ્જતનો સ્વાદ પોતેજ સમજી શકે છે અને તે વચને સર્વ પદાર્થો સુધી લાગુ છે તેજ પ્રમાણે જે માણસ પરમાત્માનું દર્શન પામી આનંદ પામે છે તેનો સ્વાદ તેથી હજારગણો અધિક છે અને અગમ્ય છે અને તે સમજવી શકાતો નથી. જેને તેની પ્રાપ્તિ થાય છે તેજ તે જાણે છે.

જગતમાં મોટા મોટા રાજાઓ રાજ્ય મુકી ફકીર થઈ ગયા છે અને આત્માનું ધ્યાન ધરી મહા આનંદી થયા છે. શું તેમને કાંઈ બુદ્ધિ નહોતી અને શું તેઓ ઘેલા હતા કે રાજ્ય અને સંસારનું સુખ તજી ફકીરીના દુઃખમાં પડ્યા? નહી નહીં, એવું ન સમજવું. તેઓ મહાબુદ્ધિશાળી હતા, તેઓમાં બુદ્ધિ, જ્ઞાન, ધર્મ અને સત્ય એવા મહા ભગવાન ગુણો હતા તેથી તેઓ સત્ય માર્ગ શોધી તે માર્ગે અનુસરતા હતા. અજ્ઞાની માણસો સંસારના તુચ્છ સુખને અને મૂડીને વળગી રહી ખરી વસ્તુ ભુલી ગયા છે. જેમ નાના બાળક અગમ આદીનાં રમકડાં લાવીને મુકીએ તો તે બાળક હાથમાં પકડી પોતાનાં જેવાં સમજી તે સાથે રમે છે અને તે ઉપર મોહાય છે; અને કદાપિ તે તેની પાસેથી પડાવી લેવામાં આવે તો તે રડવા મંડે છે અને જાણે પોતાની દોલત લુંટાઈ ગઈ હોય તેનું તેને દુઃખ થાય છે. પણ તેને રમકડાનું ઘરબાર અગર એવી મીલકત લુંટી લેવામાં આવે તો તેથી તેને કાંઈ દુઃખ થતું નથી, એવી રીતે અજ્ઞાની માણસો સંસારની ખોટી માયાને ગ્રહણ કરે છે અને તે જો જરા નાશ પામે છે તો દુઃખી થાય છે, પણ આત્માની દોલત અંધારામાં લુંટાઈ જાય છે તો તેની ચિંતા જરા પણ કરતા નથી. ત્યારે અજ્ઞાની અને બાળ-કની બુદ્ધિમાં શો ફેર? માટે અય ભાઈઓ! ગુરૂ કરી આત્મજ્ઞાન-દીક્ષા પ્રાપ્ત કરી તમારા અંતરના ઘરને સાફ કરો જેથી અજવાળું થાય. તમારા ઘરમાં કુતરાં બિલાડાં પેસે છે તો તમે લાકડી લઈ મારવા જાઓ છો અને કાઢી મુકો છો પણ તમારા અંતરરૂપી ઘરમાં દુર્ગુણોરૂપી કુતરાં બિલાડાં પેઠાં છે અને પેસે છે અને ધણીપણું જમા

કરે છે તો પણ તેની કાંઈ તમને સમજ પડતી નથી. આવી રીતે ક્યાં સુધી અંધારામાં પડી રહેશો ? જાગૃત થાઓ ! હોશીઆર રહો ! અંતરમાં દાખલ થયેલી અવગુણો, કૂડ, કપટ, લાલચ, મોહ, અભિમાન અને અજ્ઞાનને દૂર કરી, જ્ઞાન, દયા, ભાવ, ભક્તિ વીગેરે સદ્‌ગુણો દાખલ કરી આ મનુષ્યભવ સુધારો અને મોક્ષ પ્રાપ્ત કરો. જેવી રીતે તમે સંસારની માયામાં ચિત્ત રાખો છો તેવું આત્મધ્યાનમાં ચિત્ત રાખો તો મોક્ષ દૂર નથી. ગુરૂ પાસે રહી ધ્યાનની ક્રિયાઓ શીખો અને આત્મધ્યાની બનો.

વ્યવહારી માણસોને વ્યવહારમાં રહી ધ્યાન કરી શકાય છે. જેવી રીતે વેપારીના ઘરમાં અફીણ અથવા ઝેર ભરેલું હોય અને તે કાંઈ તેનો ઉપયોગ ખાવામાં કરતો નથી અને તેથી તે તથા તેનાં બાળ બચ્ચાં મરતાં નથી, ભલે ઠામ ઠામ ઝેર પડેલું હોય પણ તે મરતો નથી પણ આવાથીજ મરે, તેમ માયામાં રહી વ્યવહાર ચલાવવાથી કાંઈ માયા વળગતી નથી, પણ મનમા તે મિથ્યા જાણી આત્મસ્વરૂપ સત્ય માની વ્યવહાર ચલાવવામાં આવે તો મોક્ષ પ્રાપ્ત કરી શકાય છે. ઘણા સંત માણસો આ પ્રમાણે વ્યવહારમાં રહી મોક્ષનું સાધન મેળવી શક્યા છે અને તેમને જરા પણ માયા નડી નથી. વળી જેમ કોઈ વેટીઆ અગર મજુરને પકડી તેની પાસે આપણું કામ કરાવીએ તો તે પોતાના મનથી તે વસ્તુ પોતાની સમજતો નથી અને કામ કરે છે, કદાપિ તે વસ્તુ બગડી, ફુટી કે ભાગી ગઈ તો તે ચિંતા કરતો નથી, કેમકે તે વસ્તુ પોતાની નથી અને કદાપિ તેમાં લાભ મળે તો પણ ગર્વ થતો નથી, એવી રીતે સંસારી માણસ વ્યવહાર ચલાવી મન રાખી વેપાર કરે તો તેને કોઇ વસ્તુ નડતી નથી.

ભજન અગર ભક્તિ કરવામાં ભાવની ખાસ જરૂર છે. એક દુશ્મનને કોઇ મારેલો કોઇ મોટા મંદીરમાં મોકલો તો અંદર દાખલ થતાં કોઇ એક પરમેશ્વરનો ભક્ત ભજન દેવની પ્રાર્થના કરતો સંભળાયો, ભાવના આવેશથી તે ભજન ગાને તેમ ગામ એમને. હસો અને હાથથી તાળી પાડતો હતો. આથી તેના ગમથી અને હાથના તાળી તે મારેવાને ફિકર લાગ્યું નહી તેથી જ્યારે શાંત રહ્યો તે ભજન ગાઇ રહ્યો ત્યારે

મૈત્રેયીએ ભગવાનને કહ્યું " હે ભગવાન! આપ જાણો છો તે જ્ઞાન
સુખમાં કે દુઃખમાં નથી: સાંભળો, ભગવાન સંગીતશાસ્ત્રમાં કહ્યું છે
" જેમ કુળ બીન ભાતા તેમ લાલ બીન મતા " આ સાંભ
તે ભાગે નાગર ઉંચી કરી અને મૈત્રેયીની સામુ જોઇ કહ્યું " આપ
તમે પુછો છો ભાગના ભાગવતમાં કે સંગીતના ગ્રંથોમાં તમે
શબ્દું ગ્રહી પણ ભગવાન ભાગ જનોના ભક્તિશાસ્ત્રમાં તો કહ્યું છે
" જેમ જળ બીન ભાત જેમ ભાર બીન ભાત " ભજનમાં ભ
ન હોય તો પછી સુર કે તાલ શું નકામાં છે, તાલ અને સુર તે
મનેવા માટે છે અને ભાર તે ભાગ માટે છે. " આમ મૈત્રેયી
વિચાર કરો કે આ મૈત્રી અને ભજનના સ્થાન ભજનના સ્થે
આપણને કેવો આનંદ આવે છે! જે નાની વીણાઓમાંથી કેવી મધુ
નીકળે છે! જે વખતે આપણને હરકોઈને દુઃખ લાગી હોય છે
વખતે મને તેનો સુખો થાય સુર પેદા પણ મીઠો લાગે છે
મને ફાવે છે પણ જ્યારે સુખ નથી હોતી ત્યારે મને તેનાં સ્વર
મેળવેલ આપણું આસન બંધ હોય છે તો પણ તેમનો કોઈ
મારફે લાગવું આપણને ભાવતું નથી અને હૃદય પ્રમાણે મેળ
શાસ્ત્રનો પ્રયત્ન કરીએ તો તેથી ઉલટી થાય છે અને પરંતુ
ઝેર સમાન થાય છે, તેમ પ્રમાણે ભજન કરતી વખતે હૃદયમાં
હોય છે તો તે ભજન અને તે સમજું હોય ભજન તાલમાં કે પ
અને તેમ તૂટતું હોય તો પણ હૃદયના ભાવના ઉછાળાના લીધે તે
મીઠાશ ઉત્પન્ન થાય છે અને ભાવાર્થે વારંવાર ગાવાની ઉલટ થાય
માટે ભાર વિના કરી પણ ભજન અગર ભક્તિમાં રસદાયક ઉત્પન્ન થ
નથી. ઉપરથી જોવું એવી જાતું તે ભજન કહ્યું કહેવાય નહીં, તે તો
ભાગોનાં ઢીંગલા ઢીંગલીની રમત જેવું છે, એમાં શું રસ અને સ
આવે! નાની નાની છોકરીઓ ઢીંગલા ઢીંગલીને પરણાવી અગર છે
એમાંથી કેટલે ઉજવનો ખોરાક પેદા તેને પરણાવી તેમને સં
વિધાનની ક્રિયાઓ કરાવે છે અને પછી પોતે ખુશી થાય છે.
આ નાની છોકરીઓમાંથી કેટલી મોટી ઉમર લાયક થયા પછી

પાછી પિયરે આવી પોતાની પ્રથમની સખીઓને મળે છે ત્યારે બધી ભેગી મળી પુછે કે "તું તારા પતિને મળી તેમાં તને શું રસ આનંદ પ્રાપ્ત થયો ? જેવી રીતે આપણે ઢીંગલા ઢીંગલી વીગેરેને પરણાવી ભેગાં સુવાડી આનંદ પામતાં હતાં તેવોજ આનંદ કે કેમ?" ત્યારે તે શરમાઇ ચૂપ બની વિચાર કરવા લાગી કે આ બધી મુરખીઓને શું જવાબ આપું ? પછી પોતે ધીમે રહી બોલી " ક્યાં તે સ્વાદ અને ક્યાં આ સ્વાદ ? સાચા ધણીને મળવામાં જે રસ પ્રાપ્ત થાય છે તે કહી શકાતો નથી, જ્યારે તમે સાચા ધણીને મળશો ત્યારે તમે સમજી શકશો." માટે ભાઇઓ ! ભજન અને ભક્તિ એવા પ્રકારની છે. ધણીનાં નામ તો ઘણાં છે, સૌ પોતપોતાના ધર્મની રૂઢીને અનુસરીને જુદાં જુદાં નામ લે છે પણ તે નામવાળો કોણ છે, શું છે, તેની શોધ ખોળ અજ્ઞાની માણસો કરતા નથી; માટે પરમેશ્વરને બરાબર ઓળખી તેના ગુણનું ભજન થાય તો તેમાં સ્વાદ આવે. પરમેશ્વરને આલખે કદીમ (અનાદિ પરમેશ્વર) કહેવામાં આવે છે, રામ જે સર્વમાં રમી રહ્યો છે અને સર્વમાં વ્યાપક છે તે, સુરી એટલે આત્મજ્ઞાની લોક કૃષ્ણને લાહુત કહે છે કે જે નર પહેલાં જાહેર હતો, સામાન્ય રીતે લાડ અને પ્યારમાં કહાન પણ કહે છે, એવી રીતે બીજાં નામ પણ છે. કદાપિ એની ટીકા પેઢી દર પેઢી વાંચો તો આવનાં આવનાં ઉંડે તેનું મન પોતાના આત્મામાં સમાઇ જાગે; તે વાસ્તે કહાન પણ એજ આત્માને કહે છે.

આ પુસ્તકમાં જે જે ગરબીઓ લખી છે તે તદ્દન ભક્તિરસની છે, શૃંગારરસની નથી. આત્માને કૃષ્ણ, કહાન, પાનગીયા, સ્વામગીયા, મોહનજી એવા નામથી ઓળખાવ્યો છે, મનની ભમણાઓને ગોપીઓ કહી છે, નારદ એટલે મનને કુમતની ઉપમા આપી છે, પાંચ તત્વ અને તેના પચીશ ગુણોને તેની સાથે રહેનાર સખીઓ ગણી છે અને કેટલેક સ્થળે ગોપીઓ ગણી છે. આ ભાગમાં સંપૂર્ણ ટીકા તે પંચ ગરબીઓનું ટુંકું ભાષામાં વિવેચન લખ્યું છે તેમાં હરેકી છે તે વાંચવાથી સમજાશે, એટલે અને ટુંકામાં જણાવ્યું છે. આવી ગરબીઓ ભાગ્ય મનની સંતોષ, ટીકા ટીકીના ભિક્ષા લાભનાં માટે

ઉપરથી જણાશે કોઈ ભેદ નથી. સમજી ભાવ રાખી ભક્તિ કરાય તોજ આત્મસિદ્ધિ થાય.

